સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

તું લડકે લડનારો દે, કંકાસને આ જામો છે,
કરે છે દાદાગીરી, ચીનના હવાઈ ઉધામા છે,
ધામા છે એના અરુણાચલમાં છે ખોટા હંગામા -
પેટ દુઃખવાનું મૂળ કારણ તો દલાઈ લામા છે...

અનાવડતે - ઉભી કરે છે પીડા પેટ ચોળીને... (વિદેશનીતિ)
કારણ વિના - છંછેડે છે નેતાઓ - સૂતા સાપને... (સોની નવી બે હજાર બંધ?!)

હાઈકુ

ચિંતન

મનસા ચિન્તિતં કાર્ય વાચા નૈવ પ્રકાશયેત્ ।
મન્ત્રેણ રક્ષયેદ્ ગૂઢં કાર્ય ચાડપિ નિયોજયેત્ ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.

જે કાર્ય કરવાનો નિશ્ચય કર્યો હોય તેનું ગુપ્તમંત્રની જેમ રટણ કરો. કોઈને કહ્યા વિના તે કાર્ય શરુ કરી દો, અને તે પૂર્ણ ન થાય એ પહેલાં તેનો ઢંઢેરો ન પીટો.

તમારી યોજના ગુપ્ત રાખો, જે કાર્ય કરવાનો દૃઢ નિશ્ચય કર્યો હોય તેને મનમાં રાખો. કોઈને તેના વિશે કહો નહિ, મંત્રની જેમ તેનું સતત રટણ કરી તેને શરુ કરી દો. જયાં સુધી કાર્ય ચાલુ હોય ત્યાં સુધી તેના વિશે બધાને કહેતા ન ફરો. જો કાર્ય પૂર્ણ નહિ થાય તો તમે હાંસીપાત્ર ઠરશો; એટલું જ નહિ, તમે શરુ કરેલ કાર્ય કોઈ હરિફ જાણી જશે તો તમારા કાર્યમાં વિઘ્નો પણ ઊભાં કરશે. આરંભેલું કાર્ય પરિણામ સ્વરુપે બહાર ન આવે ત્યાં સુધી માત્ર ને માત્ર મહેનત કરો, ચર્ચા નહીં, કારણ કે ચર્ચા ચોરે થાય, ખેતરમાં તો માત્ર ખેતી જ થાય.

સુવિચાર

- હૃદયનો જીણોદ્ધાર કરો એટલે સમાજનો, ધર્મનો, સંસ્કૃતિનો જીણોદ્ધાર એની મેળે થશે - **કાકાસાહેબ કાલેલકર**
- અગ્નિ ભોજનને પચાવે છે, જયારે ઉપવાસ દોષોને પચાવી દે છે, એટલે કે નષ્ટ કરી દે છે - **આયુર્વેદ**
- સેવા કરવામાં સ્વાર્થ રાખશો કે બદલો ઈચ્છશો તો હીરો આપીને કાચ ખરીદવા જેવું થશે - **વિનોબા ભાવે**
- આંદોલનકારી એ નથી જે બૂમાબૂમ કર્યા કરે છે કે નદી ગંદી છે, આંદોલનકારી એ છે, જે ગંદી નદીને સ્વચ્છ કરવાના કામે લાગી જાય છે - **શાહબુદ્દિન રાઠોડ**
- કેટલાક સંબંધનું મૂલ્ય એને જાળવવા માટે કરવા પડતા સમાધાનો જેટલું મોટું હોતું નથી - **આચાર્ય મહાપ્રજ્ઞ**
- 'વ્રત' એટલે માણસો પોતે સ્વીકારેલી ધાર્મિક પજવણી - **ગુણવંત શાહ**

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

એકવાર બાજીરાવ પેશ્વા કાશી ગયા. કાશીના વિદ્વાન વિશ્વનાથ ભટ્ટનું નામ એમણે પણ સાંભળેલું. પેશ્વા વિશ્વનાથને રૂબરૂ મળવા ગયા. જોયું તો સાવ જર્જરીત ઘરમાં પંડિત ઘણા બધા થોથા લઈ બેચેનીપૂર્વક કંઈક શોધી રહ્યા હતા. બાજીરાવે વિદ્વાન પંડિતની કદર કરવા તથા ધર્મ કાર્યમાં વાપરવા એક સો સોનામહોરની પોટલી એમના ચરણમાં ધરી અને કહ્યું, 'આ ધનનો ઉપયોગ કોઈ ધર્મકાર્ય માટે કરશો' ત્યારે પંડિતે બાજીરાવ સામે કે ધનની પોટલી સામે જોયા વગર કહ્યું, 'મહારાજ, હાલ હું એક સંસ્કૃતના ગૂઢ શ્લોકનો અર્થ મેળવવાના કામમાં વ્યસ્ત છું પણ આ શ્લોકનો બંધ બેસતો અર્ત મળતો નથી, આપ મારી એવી મદદ કરો કે જેથી આટલા બધા સંસ્કૃતના ગ્રંથોમાંથી મને યોગ્ય ભાષાંતર અને અર્થ સમજાય, એટલે હું જે કહું તે ગ્રંથ તમારે મારા હાથમાં આપવાનો અને હું ન કહું ત્યાં સુધી તમારે રજા માંગવાની નથી.' સવારની રાત પડી બાજીરાવ પણ ચૂપચાપ મદદમાં રહ્યા અને શ્લોકનો ગૂઢ અર્થ મળી ગયો. પંડિતજી તો ખૂબ આનંદીત થયા અને નાચવા લાગ્યા. બાજીરાવને પણ ભેટી પડ્યા.

ત્યારે પેશ્વાને ખ્યાલ આવ્યો કે વિદ્વાન થવા માટે આટલી ઘેલછા જરૂરી છે.

ભારતીય મુસલમાનોએ સામા પગલે સમાન નાગરિક સંહિતા અપનાવવી જોઈએ

તંત્રીસ્થાનેથી...

તીન તલાક મુદ્દે કેન્દ્ર સરકારે ગંભીર વલણ અપનાવતાં મુસ્લિમ મહિલાઓ માટે નવી આશા જન્મી છે, અત્યાર લગી મુલ્લા મૌલવી મને ફાવે તેમ શાસ્ત્રના ઓઠા હેઠળ જેને માન્ય ઠેરવતા રહ્યા છે અને આટલી ચર્ચાને અંતે પણ મુસ્લિમ પર્સનલ બોર્ડે જેની તરફેણ કરી રહેલ છે તે તીન તલાક ખરેખર મહિલા ઉપર પુરુષના એકાધિકાર પર મહોર મારવા જેવી બાબત જ ગણાય. કેન્દ્રની ભાજપ સરકારે ભલે એક રાજકીય મુદ્દા તરીકે અને બહુમતી સંપ્રદાયને રાજી કરવા માટે આ બાબત ચર્ચાની એરણે ચઢાવી હોય, પરંતુ જો એ નિર્ણાયક તબક્કે પહોંચી મહિલાના સમાનતાના અધિકારની સ્થાપના કરશે તો તે જરૂર એક ઐતિહાસિક અને સામાજિક ક્રાંતિ ગણાશે. સુપ્રિમ કોર્ટમાં કેન્દ્ર સરકારે તીન તલાક મુદ્દે અસરકારક રજૂઆત કરીને સરકારનું વલણ સ્પષ્ટ કરી દીધું છે. પુરુષ ગમે તેવા આવેશમાં આવી જઈ એની પત્નીને 'તલાક, તલાક, તલાક' કહી દે એટલે એ બિચારી તત્કાળ ઘરવિહોણી બની જાય છે, એની ગરિમા ધૂળમાં મળી જાય છે. સામાજિક અરે એની કોઈ જ પ્રતિષ્ઠા નથી બચતી, એક તરફ ભારતનું બંધારણ દરેક નાગરિકને ધર્મ, સંપ્રદાય, જાતિ કે લિંગભેદ વગર સમાન અધિકારો આપવાની ખાતરી આપતું હોય અને બીજી તરફ ધર્મના કે શાસ્ત્રના નામે અથવા સદીઓથી ચાલતી આવતી પરંપરાના નામે મુસ્લિમ મહિલાઓને એમના આવા મૂળભૂત અધિકારથી વંચિત રાખતી હોય ત્યારે સરકારે એમની વહારે ધાવું જ રહ્યું. તીન તલાકને કારણે હિંદુ કે ખ્રિસ્તી સમાજની મહિલાઓની સરખામણીમાં મુસ્લિમ મહિલાઓ જીવનભર ધાકમાં રહ્યા કરતી હોય છે. એ સતત પુરુષજાતથી ડરતી રહેતી કોઈ પ્રગતિ કરી શકતી નથી. સામાજિક અને આર્થિક અસુરક્ષાની ભાવનાથી પીડાતી મુસ્લિમ મહિલાઓ પોતાના હક્કોની વાજબી માગણી પણ ઉઠાવી શકતી નથી. આવા ક્રૂર અને અન્યાયપૂર્ણ રિવાજ પર પ્રતિબંધ મૂકવાનું ખુદ મુસ્લિમ સમાજે જ વિચારવું જોઈએ, પરંતુ પુરુષપ્રધાન સમાજ આવા મુદ્દાઓને આંખ આડા કાન કરી સદીઓથી કરતો રહ્યો છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ તીન તલાક પ્રથાની તરફેણ કરતાં કેવી વાહિયાત દલિત કરે છે! તે કહે છે કે કૌટુંબિક અણબનાવમાં મહિલાને જાન ગુમાવવો પડે એ કરતાં તલાક આપી દેવી બહેતર છે. પરંતુ તલાક અર્થાત છૂટાછેડા તો સામાજિક સ્તરે બેઉ પક્ષો વચ્ચેની પુખ્ત વિચારપ્રક્રિયા પછી થાય અથવા કાયદેસર રીતે કોર્ટ રાહે થાય તે જ ઈષ્ટ ગણાવું જોઈએ. સીધેસીધો પુરુષને એકાધિકાર આપી દેવાથી મહિલા પક્ષે તો એના બચાવની કોઈ તક રહેતી જ નથી. મુસ્લિમ પર્સનલ લો બોર્ડ દ્વારા વધુ એક ઑફર થઈ છે કે સરકાર અમારી ધાર્મિક બાબતોમાં હસ્તક્ષેપ કરે તે અમને પસંદ નથી. અમે જાતે જ દોઢેક વર્ષમાં 'તીન તલાક' પ્રથાનો અંત આણીશું. સરકારને જો એ લોકો આવી ખાતરી આપી સામાજિક સ્તરે જાગૃતિ આણી આવી વાહિયાત પ્રથા રદ કરવા તૈયાર થતા હોય તો સરકારે એ માટે એમની પાસે અધિકૃત સોગંદનામું કરાવી દોઢ વર્ષ રાહ જોવાની તૈયારી દર્શાવવી જોઈએ જેથી કોઈને પણ પોતાના ધાર્મિક સ્વાતંત્ર્ય પર તરાપ પડતી હોવાનો રંજ ન રહે. સુપ્રિમ કોર્ટ દ્વારા જે ચાર સવાલો અંગે મંજૂરી આપી છે એમાં તલાક, હલાલા અને બહુપત્નીત્વની બંધારણ મુજબ મંજૂરી આપી શકાય કે કેમ તે મુખ્ય છે. વળી સમાનતાનો અધિકાર, ગરિમા સાથે જીવવાનો અધિકાર અને ધાર્મિક સ્વતંત્રતાના અધિકાર એ ત્રણમાં અગ્રતા કોને અપાવી જોઈએ તે પણ નક્કી કરવાનું રહે છે. પર્સનલ લોને બંધારણની કલમ-૧૩ હેઠળ કાયદો ગણી શકાય કે કેમ તે પણ પ્રશ્ન છે. તો વળી તીન તલાક, નિકાહ, હલાલા અને બહુપત્નીત્વ જેવી બાબતો ભારતે માન્ય ઠેરવેલ આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ વાજબી ઠરે છે ખરી? માત્ર ધાર્મિક સ્વાતંત્ર્યના નામે માનવીના જીવનને દોજખમાં ફેરવી દેતી પ્રથાઓ ચાલુ રાખવામાં કયું ડહાપણ છે? ભારતીય મુસલમાનોએ એકવીસમી સદીના આધુનિક પડકારો ઝીલવા સક્ષમ બનવું હશે તો આવા જુનવાણી ખ્યાલો દફનાવી દઈ મોડો વહેલો સમાન નાગરિક ધારો અપનાવવો જ રહ્યો.

કુંવારપાઠું (એલોવેરા)

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

આપણી હજારો વર્ષો જુની આયુર્વેદ ચિકિત્સાપધ્ધતિ દિવસે-દિવસે યુવાન થતી જાય છે. વધુ ને વધુ લોકો આયુર્વેદનો લાભ લેવા લાગ્યા છે. આયુર્વેદની સરળ, સુલભ અને ખૂબ ઓછી આડઅસરવાળી દવાઓ અને થેરાપી લેવા માટે લોકો આતુર બન્યા છે. આપણાં દેશમાં આયુર્વેદનો જેટલો ક્રેઝ છે તેના કરતા વધુ ક્રેઝ વિદેશમાં છે. લોકો હર્બલ દવાઓ અને થેરાપીના ચાહક બન્યા છે અને મોટી સંખ્યામાં ભારત આવે વિવિધ આયુર્વેદ રિસોર્ટ અને ટ્રીટમેન્ટ સેંટરમાં ઈલાજ કરાવે છે. કૈક આવું જ આયુર્વેદના ઔષધોનું પણ છે. લીમડો, હળદર, ગળો જેવા ઔષધોની વિદેશમાં ખૂબ ડીમાન્ડ છે. પણ સૌથી વધું ડીમાન્ડ જો કોઈ આયુર્વેદ ઔષધની હોય તો એ છે કુંવારપાઠું. એલોવેરા તરીકે વિશ્વપ્રસિધ્ધ આ ઔષધ અનેક રીતે ગુણકારી છે. વૈશ્વિક બજારમાં હર્બલને નામે જે કોઈ પણ પ્રોડક્ટ મળે છે તેમા એલોવેરા સૌથી વધું ઉપયોગમાં લેવાય છે. આયુર્વેદમાં એલોવેરા વિષે ખૂબ લખાયું છે. મોર્ડન મેડીસીનલ સાઈન્સે પણ એલોવેરા પર ઘણું રિસર્ચ કર્યું છે. આજે એલોવેરા વિષે થોડો વધું પરિચય મેળવીએ.

● એલોવેરા સમગ્રતયા ઉગે છે. તેને ખૂબ ઓછા પાણી વડે ચાલે છે. બન્ને બાજું કાંટાવાળા લાંબા પાનની વચ્ચે ગરભ હોય છે જે અનેક રીતે ઔષધીય ઉપયોગમાં લેવામાં આવે છે.

● એલોવેરા સ્ત્રીઓના રોગોમાં અતિ ઉપયોગી છે. સ્ત્રીઓના માસિકધર્મ સબંધીત રોગોમાં કુંવાર ખૂબ અસરકારક છે. આયુર્વેદની જાણીતી દવા કુમારીઆસવ તેમજ રજઃ પ્રવર્તની વટીનું મુખ્ય ઘટકદ્રવ્ય એલોવેરા જ છે

● શરીરમાં ગાંઠો થયેલી હોય અને સ્ત્રીઓમાં સ્તનગ્રંથિનું શ્રેષ્ઠ ઔષધ એલોવેરા છે. એલોવેરાનો રસ પીવાથી અને ગાંઠ પર એલોવેરાનો રસ અને હળદર ચોપડવાથી ગાંઠો પીગળવા લાગે છે

● એલોવેરા રોગપ્રતિકારક શક્તિ વધારે છે. નિયમીત કુંવારપાઠાંનો રસ પીવાથી શરીરની ઈમ્યુનીટી વધે છે.

● એલોવેરા એંટીઓક્સીડંટ પણ છે. તેનો નિયમીત ઉપયોગ શરીરને નવયૌવન બક્ષે છે

● પેટના રોગો, પેટનો દુખાવો, આંતરડાની નબળાઈ આદિમાં એલોવેરા ખૂબ ફાયદાકારક છે

● દાઝ્યા તેમજ ફોલ્લાઓ પર કુંવારનો રસ ઘસવાથી ફોલ્લાઓ બેસી જાય છે. દાઝ્યા પર બળતરા થતી નથી અને ઘા રૂઝાઈ જાય છે

● કુંવાર રક્તશોધક છે તેમજ લિવરના કાર્યોને વ્યવસ્થીત કરે છે. કમળામાં કુંવાર ઉત્તમ ઔષધ છે

● એલોવેરા ચામડી અને વાળના રોગો માટે પણ હિતકર છે. હાલ લગભગ દરેક શેમ્પૂ અને સાબુમાં કુંવારપાઠું હોય જ છે.

● કુંવારપાઠાંની વધું પડતી માત્રા મરડો કે પેટમાં ચૂંક લાવે છે. ક્યારેક એસીડીટી પણ થાય છે, આથી કુંવારનું સપ્રમાણ અને નિયમીત સેવન કરવું હિતાવહ છે.

- contact@atharvaayu.com

મંગલ મૂરત રૂપ... હનુમાનજી

મનના ઉમંગો
રણછોડ પરમાર

ચૈત્ર માસ શરુ થયો ગુડી પડવાથી. લોકોએ ગુડીની પૂજા કરી અને નવરાત્રી શરુ થઈ. બરાબર નવ દિવસે નવરાત્રી પૂરી થઈ. નવમો દિવસ એટલે જે રામનવમી. દેશના રામમંદિરોમાં શ્રદ્ધાપૂર્વક શ્રીરામની પૂજા થઈ. શ્રી એટલે કે લક્ષ્મી અને રામ એટલે કે પરમાત્મા, આ બંને શબ્દ ભેગા કરવાથી શ્રીરામનું ચરિત્ર ખડું થાય છે ગયા લેખમાં જ આપણે એવી વાત કરેલી કે શ્રીરામનું નામ લઈએ એની સાથોસાથ સીતાજી આવે. લક્ષ્મણજી આવે. હનુમાનજી આવે. આખા દેશમાં ગમે ત્યાં રામનું મંદિર હોય, સિતાજીનું મંદિર હોય, લક્ષ્મણ કે હનુમાનજીની દેરી હોય બધે એક ચિત્ર અવશ્ય જોવા મળે. જેમાં રામની ડાબી - જમણી બાજુ સીતાજી અને લક્ષ્મણજી ઊભા હોય તથા ચરણોમાં હનુમાનજી પગે લાગીને એક ઘૂંટણ પર બેઠા હોય. આ ચારે દેવની છબિ દરેક હિંદુ માનસમાં ચિતરાઈને પડી જ હોય. બોલાય પણ ચારેના નામ એક સાથે, 'શ્રીરામ, લક્ષ્મણ, જાનકી; જય બોલો હનુમાન કી.' સાવ અભણ ગુજરાતી પણ હનુમાનજી ના બોલે, હનુમાન કી જ બોલે. જયાં જય બોલો હનુમાનજી બોલાયું હોય ત્યાં શુદ્ધ ગુજરાતી ભાષાનો વિજય ધ્વજ રોપાવો જોઈએ. પણ એ વાત જવા દો. આપણે રામ, લક્ષ્મણ, સીતા અને હનુમાનજીની એક સંયુક્ત અને સુંદર છબીની વાત કરતા હતા. વચમાં પરમકૃપાળુ રામ એમના રાજીવનયનમાંથી અમરત વરસાવતા હોય, બાજુમાં સીયામૈયાનું હસુ હસુ બે હોઠ મલકાવતા, જમણો હાથ આશીષ દેવા સહેજ ઊંચક્યો હોય, બીજી બાજુ લક્ષ્મણ ભૈયા એક હાથે ધનુષ પકડી શાંતિ ચિત્તે ઊભા હોય અને ચરણોમાં, હા શ્રીરામના ચરણોમાં મહાવીર, પરાક્રમી, બજરંગી હનુમાન દાદા પ્રભુના હુકમની રાહ જોતાં તત્પર બેઠા હોય. બીજા ધર્મના લોકોને એ નહીં સમજાયું હોય કે રામને આપણે પિતા ગણીએ છીએ અને તેમના પુત્રતુલ્ય ભક્ત હનુમાનને દાદા કહીએ છીએ. એમને તો આપણે શંકર અને ગણપતિ બંનેને શા માટે દાદા ગણીએ છીએ તે પણ નહીં સમજાતું હોય ! ફરી મૂળ વાત પર આવીએ. શ્રીરામ, લક્ષ્મણ, સીતા અને હનુમાનજીના સ્વરુપનું વર્ણન કર્યું છે. પવનતનય એ એમની ઓળખ છે. સંકટહરણ એમના ગુણનું વર્ણન છે. મંગલમૂર્તિ રૂપ એ એમની સુંદરતાનું આલેખન કર્યું છે. તુલસીદાસે હનુમાનજીને મંગલમૂરત રૂપ કહ્યા છે અને કરોડો શ્રદ્ધાળુઓએ તેમના આ સ્વરુપને સ્વીકાર્યું છે.

રામાયણની કથા ચાલતી હોય અથવા આપણે રામાયણની સિરીયલ અથવા ફિલ્મ જોતા હોઈએ, પણ જયાં સુધી હનુમાનજીનો પ્રવેશ ના થાય ત્યાં સુધી આપણને, ખાસ તો બાળકોને મજા ના આવે. જેવા હનુમાનજી કથામાં આવે બધાના જીવા આનંદીત થઈ જાય. કથા કહેનારા મહારાજ પણ જોશમાં આવી જાય. કારણ કે હનુમાનજી આપણા સંકટ હરનારા તો છે જ, પણ મંગલમૂરત રૂપ છે. આનંદ સ્વરુપ છે. સહેજે ભયપ્રદ નથી. બાળકોને હનુમાનજી મૂળ ગમતીલા છે. અરે આપણા ઘરની આજુબાજુ કોઈ વાંદરો આવી જાય તો બાળકો કેટલા ખુશ થઈ જાય છે. કોઈ બાળકના હાથમાંથી વાંદરો રોટલી લઈ લે તો બાળક ગાંડુ ગાંડુ થઈ જાય છે. તમે કોઈ વાર સાળંગપુર ગયા હોય તો ત્યાં ભોજનશાળાની બાજુમાં એક હનુમાનજીની મૂર્તિ બનાવવામાં આવી છે તે જરૂર રાખવામાં આવી નથી. આખું નારિયેળ હનુમાનજીના મુખમાં મુકવામાં આવે છે અને ડાળા હાથમાંથી કાછલી બહાર પડે છે તે જોઈને બાળકોની આંખોમાં જે આશ્ચર્ય અને આનંદ ઉભરાય છે, તે જોવાથી જ ખબર પડે.

હનુમાનજીના બીજા ત્રણ રૂપનું તુલસીદાસે હનુમાન ચાલીસાની પાંચમી કડીમાં એકદમ ટૂંકમાં પરંતુ સચોટ વર્ણન કર્યું છે.

સુક્ષ્મ રૂપ ધરી સિયહી દિખાવા, બિકટ રૂપ ધરી લંક જવાલા,
ભીમ રૂપ ધરી અસુર સંહારે, રામચંદ્ર કે કાજ સંવારે.

સીતાજીની શોધ કરતાં હનુમાનજી જયારે લંકા પહોંચ્યા. સીતાજી પાસે જવા માટે અતિ સૂક્ષ્મ રુપ ધારણ કર્યું. માતા પાસે જનાર પુત્રે સુક્ષ્મ થઈને જ જવું પડે. આ અંગે એક નાનકડો લેખ આપણે ઘણા સમય પહેલાં માણ્યો છે. એટલે ઝાઝી વાત ટાળું છે. દાદાએ લંકાદહન પ્રસંગે વિકટ રૂપ ધારણ કર્યુ હતું. વિચાર કરો, જયારે આખી લંકા ભડભડ ભડભડ બળતી હશે, ગભરાઈ ગયેલ સૈનિકો આમથી તેમ દોડતા હશે અને ડરી ગયેલા લંકાવાસીઓ સલામતી સ્થળે ખસી જઈને ફાટી આંખે લંકા સળગાવતા હનુમાનજીને જોતા હશે એમને કેટલા વિકટ અર્થાત્ ન સમજાય તેવા સ્વરુપ વાળા દેખાય હશે? વિકરાળ સ્વરુપ ધરાવતા અસુરો સામે યુદ્ધ કરતી વખતે હનુમાનજી પણ તેમના જેવું વિકરાળ એટલે કે ભીમરૂપ ધારત કરતા. (અત્યારના અસુરોને સંહારવા માટે હનુમાનજી કેમ કોઈ સ્વરુપ ધારણ કરતા નથી?) રામચંદ્રજીના કામો કરવા માટે હનુમાનદાદાએ જાતજાતના સ્વરુપ ધારણ કર્યા છે. એક વાતે સૌ કોઈ સંમત થશે કે આ બધાયે સ્વરુપ ભૂલકાંઓ તો તાળી પાડી પાડીને વધાવે છે. હજુ એક વાત કહુ, મહાભારતકાળમાં હનુમાનજી ભીમનો રસ્તો રોકીને વિશાળ સ્વરુપે જરાક આડા પડે છે અને ભીમ તેમને પૂંછડેથી ઊંચકી ફગાવી દેવા પૂંછડું ઝાલે છે, પણ ભીમભાઈ પૂંછડું ઊંચું પણ કરી શકતા નથી. એ દૃશ્ય બાળખો તો ઠીક આપણે પણ કેવું હોંશે હોંશે માણ્યું છે?

હનુમાન ચાલીસાની બારમી કડીના બીજા ભાગમાં તુલસીદાસે લખ્યું છે. (ખબર નહીં, મને કોઈ કાવ્યનું, ગાણિતિક વિચ્છેદન નથી ગમતું છતાં લખ્યું છે, માફ કરજો) 'ભૂત પિશાચ નિકટ નાહી આવે, મહાવીર જબ નાણ સુણાવે.' આનો એકદમ સાદો સીધો અર્થ એવો થાય કે આ મહાવીરનું નામ સાંભળતાવેંત જ ભૂંતડાં ભાગી જાય છે. આ ભૂત અને પિશાચ અને એવાં મેલા તત્ત્વો (જો ખરેખર હોય તો) સમક્ષ હનુમાનદાદ કેવા ભયાનક સ્વરુપે પ્રગટ થતા હશે કે એમનું નામ સાંભળીને જ 'નૌ દો ગ્યારણ' કરી જતા હશે? ભૂત-પિશાચની નજરે એ કેવા દેખાતા હશે એ વિચારવાની આપણને શી જરૂર છે? ગમે તેવા ભયંકર દેખાતા હોય આપણે જાણવાની શી જરૂર છે? કદાચિત આવું રૂપ કોઈની કલ્પનામાં આવી જાય તો યે એને શિલ્પમાં કડારવાની કયાં જરૂર છે? આપણા સૌ માટે પૂરતું છે, 'મંગલ મૂર્તિ રૂપ.'

જલ પાય સરસિ બિકાઈ, દેખ હું પ્રીત કી રીત બડી, બિલગ હોઈ રસ જાઈ, કપટ – ખટાઈ પરત જિમિ

લાગણીનો મેળો
રસિક વાળંદ

જલ પાય સરસિ બિકાઈ, દેખ હું પ્રીત કી રીત બડી
બિલગ હોઈ રસ જાઈ, કપટ – ખટાઈ પરત જિમિ

(પ્રીતની આ રીત તો જુઓ! દૂધમાં ભળી જઈને પાણી દૂધની કિંમતે વેચાય છે

પણ જો એમાં સહેજ ખટાશ પડે તો તરત જ દૂધ અને પાણી જુદાં થઈ જાય છે.)

આજના યુવક – યુવતીઓ પર ફિલ્મો, ટી.વી.ચેનલો અને એમાંય ખાસ કરીને ઈન્ટરનેટના વળગણની પ્રભાવક અસર દિલો દિમાગપર છવાઈ ગઈ છે. ચલચિત્રોમાં નટ-નટીઓના શૃંગારિક પ્રેમાલાપોથી યુવાવર્ગ અંજાઈ જતો હોય છે. કાલ્પનિક વિચારસૃષ્ટિને દૃશ્ય-શ્રાવ્ય માધ્યમથી વાસ્તવિકતા રૂપે નજર સમક્ષ નિહાળતા તેનાથી ભરમાઈને ''ભાગી જનારા'' છોકરા-છોકરીઓના કિસ્સાઓ દિન-પ્રતિદિન વધતા જ જાય છે. હમણાં જ અખબારમાં અત્યાધૂનિક ધનાઢ્ય પરિવારની સ્વચ્છંદી દીકરીનો કિસ્સો વાંચ્યો હશે. ... જેને મનોચિકિત્સકે ''પીકુ ઈફેક્ટ'' તરીકે ઓળખાવ્યો. આવા કિસ્સા સમાજ માટે લાલબત્તી સમાન છે. આજનો વિદ્યાર્થી પુસ્તકરત ઓછો ને મોબાઈલરત વધુ જોવા મળે છે. વિદ્યાર્થી તરીકેનું એકપણ લક્ષણ એના વર્તન – વ્યવહારમાં જોવા મળતું નથી... એનો પોશાક, હેર સ્ટાઈલ, એની અદા... જાહેર સ્થળોએ એનું વર્તન... અભ્યાસની ઉંમરે મોંઘાદાટ મોબાઈલ છાસવારે બદલવા... સતત મોબાઈલ પર ગપસપ કરવી... અભ્યાસ તો એક બહાનું જ હોય એવું લાગે છે. બ્રહ્મચર્યાક્રમમાં વિદ્યાપ્રાપ્તિનું ધ્યેય છોડી ગૃહસ્થાશ્રમ માર્ગે વળેલો જોવા મળે છે !! વિદ્યાતુર નહિ કામાતુર બન્યો...કારણ ઈન્ટરનેટ, મોબાઈલ ઉપકરણ... અશ્લિલતા હાથવગી- સુલભ બની... સહજ જુગુપ્સા ટેવમાં પરિવર્તિત થાય ને પથચ્યુત કરે છે...

દોસ્તો, ટીવી. કે ચલચિત્રોનું આંધળું અનુકરણ કરી પ્રેમના નામે ક્ષણિક આકર્ષણથી અંજાઈને કે બાહ્ય દેખા-દેખીથી ''લૈલા –મજનું''ના ખ્યાલમાં રાચતાં ''સાથ જીયેંગે – સાથ મરેંગે'' નાં કોલ દઈ બેઠેલા છોકરા – છોકરી ભાગી જઈ ''લવમેરેજ'' કરીને ''ઈડરિયો ગઢજીત્યાં''નો હાશકારો અનુભવે છે પ...ણ.. થોડાક સમય પછી (કહેવાતા?!) પ્રેમની અગ્નિપરીક્ષા શરુ થાય છે.પૈસા કે દાગીના પૂરા થતાં દિવસે તારા દેખાવા લાગે. પ્રેમના ઉન્માદો શમવા લાગેછે, આંખમાં આંજેલા કિનખાબી શમણાં કઠોર દુનિયાની કડવી વાસ્તવિકતા સાથે અથડાઈ ભાંગીને ભૂક્કો થઈ જાય છે... પ્રેમનો આવેગ પીગળવા લાગે છે... માબાપની ઊંઘ હરામ થઈ જાય છે. પોતાના ''વહાલસોયા'' કે ''કાળજાના ટુકડા''ને શોધવા આકાશ-પાતાળ એક કરનારાં મા-બાપના હૈયાનો ચિત્કાર આવાં ઉન્માદી અપરિપકવ માનસને ક્યાંથી સંભળાય?!

''પ્રેમ'' કરાવો કે કોઈને ''ચાહવું'' એ અપરાધ નથી પરંતુ આપણા પુરુષપ્રધાન સમાજની શૃંખલાઓ ભાગી જનાર છોકરી અને તેના મા-બાપ માટે પળે-પળે પ્રાણઘાતક પૂરવાર થાય છે. સમાજ તેમના તરફ નફરત અને તિરસ્કાર ભરી દૃષ્ટિએ તાકાતો રહે છે. ઉચ્છૃંખલ સંતાનને કારણે ખાનદાનની ઈજ્જતનું લિલામ થઈ જાય છે. હજારો મોંઢે હજારો વાતો વહેતી થાય છે... લોક મોંઢે ક્યાં ગરણું બંધાય?! ચારેબાજુ વાતના વાતેસરનો વંટોળ ઉમટતાં માત્ર ''સ્ત્રી'' જ ભરખાય છે. છોકરાને કશો જ વાંધો આવતો નથી પરંતુ છોકરીની જિંદગી ધૂળધાણી થઈ જાય છે.

એકવાર થયેલી નાની – અમથી ભૂલ પણ આખી જિંદગીને વિષમય બનાવી દે છે.

વહાલા યુવક – યુવતીઓ ! ચલચિત્રો કે ટીવી. ચેનલોનું આંધળું અનુકરણ કરતાં પહેલાં તમે લીધેલ નિર્ણય કે પગલાંનો શો અંજામ આવશે એ વિશે પગલું ભરતાં પહેલાં સો વિચારજો.....

જીવનની કડવી વાસ્તવિકતા અને કઠોર સામાજિક બંધનો તો ગમે તે સંજોગોમાં સ્વીકારવા જ પડશે, કારણ કે આપણે સમાજના ફરજંદ છીએ અને સમાજમાં રહેવાનું છે – ને - જીવવાનું છે.

દોસ્તો, ફ્રિઝમાં મૂકેલી કેરી કદી આપમેળે પાકટી નથી, એને મૂળ સ્થિતિમાં સાચવી શકાય એટલું જ બાકી ફ્રીઝ એનો રંગ ન બદલી શકે.... એમાં રસ પૂરી શકે પણ જયારે તાપ અને તડકો તો રૂપ-રંગને નવો નિખાર આપી શકે છે,... તડકો ન હોત તો કેસૂડા અને ગુલમહોર કેસરિયાળા સાફામાં ખીલી શકત ખરા?! મારે મન પાકવું એટલે ઘડાવું. જીવનને પણ તપાવવું પડે. ભઠ્ઠીમાં લોખંડ અને સોનું તાપે છે ત્યારે જ ઘાટ પામે છે.

યુવામિત્રો, તમે એ ભૂલશો નહિ કે જે શરીરને શણગારવામાં પડ્યા છે, વરણાગી બન્યા છે... તે મનને શણગારી શકશે નહિ... કોલેજ કેમ્પસમાં ખૂણે ખાંચરે કરેલી પ્રેમગોષ્ઠી કે વાતોથી પ્રેમ પાંગરશે ખરો પણ પાકી કરશે નહિ. એને તાપાવવો પડે, ટીપવો પડે તો જ ઘાટ મળે અને ટકે. બાકી તો સહેજ મુશ્કેલી આવતાં ઝાકળની જેમ ઉડી જશે... કહેવાતા પ્રેમના મોહપાશમાં બંધાયા વિના કારકિર્દી ઘડતર તરફ ધ્યાન આપો. મા-બાપની આંખમાં આંજેલા સ્વપ્નને સાર્થક કરવા કટિબદ્ધ બનો. ફિલ્મી દુનિયાના નટ-નટીઓને આદર્શ બનાવ્યા વિના ઋષિઓને-મહાપુરુષો કે દૃષ્ટાઓને આદર્શ બનાવી સાચા અર્થમાં 'સમ્યક તનોતિ તનુ વિસ્તારે સઃ સંતાન' બની રહો...!

સ્પર્શમણિ

''પ્રેમ અને મોહ વચ્ચે પ્રકાશ અને અંધકાર જેટલો ભેદ છે. પ્રેમ પ્રકાશ સ્વરૂપ છે, જ્ઞાનમય છે અને આત્માનું ઉન્નતિ પ્રેરક બળ છે. મોહ અજ્ઞાનમય અને તેથી અધોગતિ અપાવનાર છે. પ્રેમનું નિવાસસ્થાન હૃદય છે અને મોહનું નિવાસસ્થાન નેત્ર. નેત્રથી તે આગળ વધતો નથી. આંખનો આનંદ એટલી જ તેની મર્યાદા છે.

પ્રેમ સામાને માટે બધું ત્યજવા તૈયાર છે. મોહમાં તો સામી વ્યક્તિ મારે માટે બધું ત્યજે તેવી ભાવના રહે છે. પ્રેમ બલિદાન પ્રિય છે. મોહ ભોગકાંક્ષી છે. ''હું સામાને સુખી કરું'' એ ભાવના પ્રેમનું હાર્દ છે.''હું સુખી થાઉં'' એ મોહનું વલણ છે. પ્રેમ આપીને આનંદ માણે છે, મોહ મેળવીને ખુશ થાય છે.

પ્રેમમાં શોકને સ્થાન નથી, મોહમાં શોક પળેપળે દેખા દે છે. સામી વ્યક્તિથી આપણું ધારેલું કશુક પણ ન થાય કે જરાક ઊણું થાય તો તરત શોક થાય છે. પ્રેમ નિર્મળ નીર વહાવતી ભાગીરથી જેવો છે. મોહ ગંદા પાણીની ગટર જેવો છે.

Rasikvaland1965@gmail.com